GJPT030010602019

**ચાણસ્માના મે. જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબશ્રીની કોર્ટમાં,**

**મું.ચાણસ્મા– પાટણ.**

| | |
|---|---|
| ચુકાદાની તારીખ | ૦૧/૦૮/૨૦૨૬ |
| ફોજદારી કેસ નંબર | ૭૯૭/૨૦૧૯ |
| આંક | ૬૯ |
| ગુનો | ગુજરાત નશાબંધી અધિનિયમ કલમ–૬૫(એ) (ઇ), ૬૭(૧)(એ), ૮૩ મુજબ. |
| ફરીયાદ | શ્રી સરકાર (ચા.પો.સ્ટે. ગુ.ર.નં. ૧૯૭/૨૦૧૯). |
| ફરીયાદી તરફે વિ.એ.પી.પી.શ્રી | એ.જે.ગોસ્વામી. |
| આરોપીઓ | (૧) સુનીલજી રાજુજી પુંજાજી ઠાકોર, ઉ.વ.૨૨, રહે– ૫૦, રેલનગર સોસયટી, દુધ સાગર ડેરીની પાછળ, મહેસાણા, તા.જી. મહેસાણા.<br>(૨) શૈલેષજી બનેસંગજી ચેહુજી ઝાલા, ઉ.વ.૨૧, રહે. સુણસર, તળપોદપાર્ટી, તા.ચાણસ્મા, જી.પાટણ.<br>(૩). ગંગારામ ઉદારામ જાવતારામ બિશ્નોઇ,ઉ.વ.૩૪, રહે. ભાટીપ, ડારાની ઢાણી, તા.રાણીવાડા, જી. ઝાલોર (રાજસ્થાન). |
| આરોપી નં. ૧ તરફે વિ.વ.શ્રી. | યુ.ડી.ઝાલા. |
| આરોપી નં. ૨ | સી.આર.પી.સી.કલમ–૨૯૯ મુજબ. |

| | |
|---|---|
| અને ૩ તરફે<br>વિ.વ.શ્રી. | |

**ફરીયાદ પક્ષ/ બચાવપક્ષ/ અદાલતના સાહેદોની યાદી :–**

અ. ફરીયાદપક્ષના સાહદો :–

| સાહેદ નંબર | આંક | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| ૧ | ૨૬ | હરેશભાઇ કરમશીભાઇ દેસાઇ | પંચ સાહેદ |
| ૨ | ૩૧ | સદીપસિંહ પ્રવિણસિંહ રાજપુત | પંચ સાહેદ. |
| ૩ | ૩૩ | રીતેષકુમાર શાંતીલાલ ત્રિવેદી | પંચ સાહેદ |
| ૪ | ૩૮ | રાહુલ ભરતભાઇ સોની | પંચ સાહેદ |
| ૫ | ૪૩ | દિવાનજી સુરસંગજી ઠાકોર | ફરીયાદી |
| ૬ | ૬૧ | સુરેશકુમાર રત્નાભાઇ ચૌધરી | ત.ક.અ. |

**ફરીયાદ પક્ષ/ બચાવપક્ષ/ અદાલતના પુરાવાની યાદી :–**

અ. ફરીયાદપક્ષના પુરાવા :–

| ક્રમ નંબર | આંક નંબર | વિગતો |
|---|---|---|
| ૧ | ૨૭ | મુદ્દામાલ રીકવરી પંચનામુ. |
| ૨ | ૩૪ | પંચનામું. |
| ૩ | ૪૪ | ગુનાની ફરીયાદ |
| ૪ | ૬૨ | ડેપ્યુટ હુકમ. |
| ૫ | ૬૩ | રવાનગી નોંધ. |
| ૬ | ૬૪ | વાહનને લગતી લાઇવ માહીતી રીપોર્ટ |
| ૭ | ૬૫ | સી.ડી.આર. રીપોર્ટ મેળવવા કરેલ યાદી |
| ૮ | ૬૬ | નોડલ ઓફીસર ગુજરાતની યાદી. |
| ૯ | ૬૭ | આર.ટી.ઓ. ગાંધીનગર નાઓને કરેલ યાદી. |
| ૧૦ | ૬૮ | કલમ વધારાનો રીપોર્ટ. |

**:–– ચુકાદો :––**

**ફરિયાદ હકીકતનું ટૂંકમાં વર્ણન:–**

**(૧)..** ફરીયાદ પક્ષની કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ ગુજરાત રાજયમાં દારૂ બંધીનું અમલીકરણ હોવાનું જાણવા છતાં આરોપી નં. ૨ અને ૩ નાઓ રાજસ્થાન રાજયમાંથી ગુજરાત રાજયમાં ભારતીય બનાવટના વિદેશી દારૂનો જથ્થો ગેરકાયદેસર રીતે દારૂ ઘુસાડવાનું તથા આરોપી નં. ૧ અને ૨ નાએ તે ઘુસાડેલ જથ્થો ગુજરાત રાજયમાં અન્ય માણસોને વેચાણ કરવાનું પુર્વ આયોજીત કાવતરુ રચી ભારતીય બનાવટના વિદેશી દારૂનો જથ્થો આરોપી નં. ૩ નાઓ રાજસ્થાન રાજયની હદમાં ભરી આરોપી નં. ૨ ને પુરો પાડેલ અને આરોપી નં. ૨ અને આરોપી નં. ૧ ને તે દારૂનો જથ્થો વેચાણ આપી અલ્ટો ગાડી નં. જીજે-૧૮-બી.જી-૯૫૫૬ ની માં ભરી આપતા આરોપી નં. ૧ નાઓ ગઇ તારીખ ૦૪/૦૮/૨૦૧૯ ના કલાક ૧૬/૧૫ વાગે દાણોદરડાથી સુણસર ગામ જતા રસ્તા ઉપર સુણસર ગામની સીમમાં પોલીસ નાકાબંધી દરમ્યાન તેની કબજાની ઉપરોકત ગાડીમાં ભારતીય બનાવટના વિદેશી દારૂની અલગ અલગ બોટલ/ટીન નંગ-૨૪૫, કિં.રૂા.૨૯,૮૦૨/- તથા અલ્ટો ગાડી કિં.રૂા.૨,૦૦,૦૦૦/- મળી કુલ કિં.રૂા.૨,૨૯,૮૦૨/- ના મુદ્દામાલ સાથે મળી આવી, પકડાઇ જઇ, ગુન્હો કર્યા બાબતે તેઓની વિરુધ્ધ કાયદેસર થવા ફરીયાદીએ ફરીયાદ હકીકત ચાણસ્મા પોલીસ સ્ટેશનમાં પ્રોહી. ગુના રજી. નં.૧૯૭/૨૦૧૯ થી ગુનો નોંધાયેલ. તપાસ કરનાર અમલદારે તપાસ પૂર્ણ થયા બાદ આરોપી વિરુધ્ધ ગુજરાત નશાબંધી ધારાની કલમ- ૬૫(એ)(ઈ), ૬૭(૧)(એ), ૮૩ મુજબના ગુન્હા અંગેનું ચાર્જશીટ અત્રેની કોર્ટમાં રજુ કરેલ.

**<u>ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ-૨૪૦ અન્વયે તહોમતનામા અંગે:-</u>**

**(૨)..** આ કામે આરોપી વિરુધ્ધ ચાર્જશીટ દાખલ થતાં આરોપીને સમન્સ કરતાં તેઓ હાજર થયેલ હોઈ, કેસના કાગળોની નકલો ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ-૨૦૭ મુજબ વિના મુલ્યે આરોપીને આપવામાં આવેલ અને ત્યારબાદ આંક-૨૨ થી આરોપી સામે તહોમતનામું ફરમાવી આંક-૨૩ થી

તેઓનો જવાબ લેતાં તેઓએ તેમની સામેના ગુન્હાનો ઈન્કાર કરતાં કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ.

આ કામે આરોપીઓ નં. ૨ અને ૩ વિરુધ્ધ ચાર્જશીટ દાખલ થતાં આરોપીઓને સમન્સ કરતાં તેઓ હાજર થયેલ હોઈ, કેસના કાગળોની નકલો સંહિતાની કલમ–૧૯૦(૧)(બી) મુજબ વિના મુલ્યે આરોપીઓને આપવામાં આવેલ અને ત્યારબાદ આંક–૨૨ થી આરોપી સામે તહોમતનામું ફરમાવેલુ પંરતુ આ કામે આરોપીઓને અનેક વખત સમન્સ કરવા છતાં આરોપી મળી આવેલ નથી. આમ, આ કામના આરોપીઓ લાંબા સમય સુધી કોર્ટમાં હાજર નહી રહેતા હોય તેઓની હાજરી સુનિશ્ચિત કરવા શુધ્ધબુધ્ધિના પ્રયત્નો કરવામાં આવેલ તેમ છતાં તેઓની હાજરી નજીકના ભવિષ્યમાં મળી આવે તેવી શક્યતાઓ જણાઈ આવતી ન હોય આંક–૧ તળે હુકમ કરી આરોપીઓ નં. ૨ અને ૩ ની ગેરહાજરીમાં પુરાવો નોંધવાનો હુકમ કરી આરોપીઓ સામે ઈન્સાફી કાર્યવાહી ખુલ્લી અદાલતમાં આગળ ચલાવવામાં આવેલ હતી.

**<u>પક્ષકારો તરફે રજૂ પુરાવા:–</u>**

**(૩)..** ફરિયાદ પક્ષે પોતાનો કેસ પુરવાર કરવા ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૪૨ અન્વયે ઉપરોકત મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે.

**<u>ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૩૧૩ મુજબ આરોપીનું વિશેષ નિવેદન:–</u>**

**(૪)..** ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયા બાદ આરોપી નં. ૧ નુ ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૩૧૩ હેઠળ વિશેષ નિવેદન લેવામાં આવેલ જેમાં તેઓ સોગંદ ઉપર જુબાની આપવા કે બચાવમાં સાહેદ તપાસવાનો ઈનકાર કરે છે તેમજ વિશેષમાં તેઓ જણાવે છે કે, ખોટી ફરિયાદ દાખલ કરેલ છે. ત્યારબાદ બંને પક્ષકારોની દલીલો સાંભળી.

ફરિયાદ પક્ષે રજૂ થયેલ પુરાવો જોતાં આ કામે સી.આર.પી.સી. કલમ–૨૯૯ મુજબનો હુકમ કરવામાં આવેલ હોઈ જેથી આરોપી નં. ૨ અને

૩ નું ફોજદારી કાયદા અધિનિયમની કલમ–૩૧૩ હેઠળ વધારાનું નિવેદન લેવામાં આવેલ નથી.

**<u>ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૩૧૪ મુજબ પક્ષકારો તરફે દલીલો:–</u>**

**(૫)..** આ કામે ફરિયાદ પક્ષે વિદ્વાન એ.પી.પી.શ્રી એ મૌખિક દલીલો કરતાં જણાવેલ છે કે, આ કામના આરોપીએ પોતાના આર્થિક ફાયદા સારૂં ગેરકાયદેસર વગર પાસ પરમીટનો ભારતીય બનાવટનો વિદેશી દારૂ રાખેલ હોઈ સમાજમાં ઉદાહરણ રૂપ દાખલો બેસે તેવી મહત્તમ સજા કરવા દલીલો કરેલ છે. જયારે આ કામે બચાવપક્ષે તેમના વિદ્વાન વકીલશ્રીએ જણાવેલ છે કે, આ કામે મુદ્દામાલ જપ્ત કર્યા અંગેનું કોઇ પંચનામું કરેલ નથી જેથી ફરિયાદપક્ષના કેસને સમર્થનકારી પુરાવો આપેલ નથી. જે સંજોગોમાં આરોપી સામે નિઃશંકપણે કેસ સાબિત કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ ગયેલ હોઈ, આરોપીને નિર્દોષ જાહેર કરવા મૌખિક દલીલો કરેલ છે.

**<u>ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૩૫૪(૧)(બી) મુજબ પોઈન્ટ ફોર ડીટરમીનેશન:–</u>**

**(૬)..** આ કામે પક્ષકારો તરફે ઉપરોકત રજૂ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ તથા સરકાર પક્ષે વિદ્વાન એ.પી.પી.શ્રીની રજૂઆત તથા આરોપીના વિદ્વાન વકીલશ્રીની દલીલો લક્ષમાં લેતાં, આ કેસના આખરી નિર્ણય માટે ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૩૫૪(૧)(બી) મુજબ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**// મુદ્દા //**

(૧) શું ફરિયાદપક્ષ વ્યાજબી શંકાથી પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ ગુજરાત રાજયમાં દારૂ બંધીનું અમલીકરણ હોવાનું જાણવા છતાં આરોપી નં. ૨ અને ૩ નાઓ રાજસ્થાન રાજયમાંથી ગુજરાત રાજયમાં ભારતીય બનાવટના વિદેશી દારૂનો

જથ્થો ગેરકાયદેસર રીતે દારૂ ઘુસાડવાનું તથા આરોપી નં. ૧ અને ૨ નાએ તે ઘુસાડેલ જથ્થો ગુજરાત રાજયમાં અન્ય માણસોને વેચાણ કરવાનું પુર્વ આયોજીત કાવતરુ રચી ભારતીય બનાવટના વિદેશી દારૂનો જથ્થો આરોપી નં. ૩ નાઓ રાજસ્થાન રાજયની હદમાં ભરી આરોપી નં. ૨ ને પુરો પાડેલ અને આરોપી નં. ૨ અને આરોપી નં. ૧ ને તે દારૂનો જથ્થો વેચાણ આપી અલ્ટો ગાડી નં. જીજે–૧૮–બી.જી–૯૫૫૬ ની માં ભરી આપતા આરોપી નં. ૧ નાઓ ગઇ તારીખ ૦૪/૦૮/૨૦૧૯ ના કલાક ૧૬/૧૫ વાગે દાણોદરડાથી સુણસર ગામ જતા રસ્તા ઉપર સુણસર ગામની સીમમાં પોલીસ નાકાબંધી દરમ્યાન તેની કબજાની ઉપરોકત ગાડીમાં ભારતીય બનાવટના વિદેશી દારૂની અલગ અલગ બોટલ/ટીન નંગ–૨૪૫, કિં.રૂા. ૨૯,૮૦૨/– તથા અલ્ટો ગાડી કિં.રૂા.૨,૦૦,૦૦૦/– મળી કુલ કિં.રૂા.૨,૨૯,૮૦૨/– ના મુદ્દામાલ સાથે મળી આવી, પકડાઇ જઇ, ગુજરાત નશાબંધી ધારાની કલમ– ૬૫(એ)(ઇ), ૬૭(૧)(એ), ૮૩ મુજબનો શિક્ષાપાત્ર ગુનો આચરેલ છે ?

(૨) શું હુકમ ?

**(૭)..** ઉપરોકત મુદ્દાઓ અંગેના ન્યાયિક નિર્ણયો માટેના કારણો નીચે મુજબના છે.

(૧) મુદા નં..૧ નકારમાં.
(૨) મુદા નં. ૨ આખરી હુકમ મુજબ.

**<u>// કા ર ણો //</u>**

**<u>મુદ્દા નં. ૧ અંગે :–</u>**

**(૮)..** આ કામે ફરિયાદ પક્ષે પોતાના કેસના સમર્થનમાં પંચ સાહેદ આંક–૨૬ થી પંચ સાહેદ હરેશભાઇ કરમશીભાઇ દેસાઇ તથા પંચ સાહેદ સંદિપસિંહ

પ્રવિણસિંહ રાજપુત નાઓને આંક–૩૧ થી તથા પંચ સાહેદ રીતેષકુમાર શાંતીલાલ ત્રિવેદી નાઓને આંક–૩૩ થી તથા પંચ સાહેદ રાહુલ ભરતભાઇ સોની નાઓને આંક–૩૮ થી સોગંદ ઉપર તપાસેલા છે. સદરહું પંચ સાહેદો પોતાના જ આંક–૨૭ થી રજૂ મુદ્દામાલ રીકવરીના પંચનામા તથા આંક–૩૪ થી રજુ પંચનામાથી તદ્દન વિરોધાભાસી સોગંદ ઉપર જુબાની આપતા હોઈ, ફરિયાદ પક્ષે પંચ સાહેદોને ફરી ગયેલા જાહેર કરેલા છે અને ઉલટ તપાસ લીધેલી છે. પરંતુ ઉલટ તપાસથી ફરિયાદ પક્ષ કોઈ ફળદાયી હકીકત મેળવી શક્યા નથી કેમ કે ઉલટ તપાસમાં પણ પંચ સાહેદો પંચનામાની હકીકતોને લેશમાત્ર સમર્થન આપેલ નથી. જે સંજોગોમાં પંચનામું સાબિત થયાનું માની શકાય નહી અને પંચ સાહેદોના પુરાવા ઉપર આધાર રાખી શકાય નહી અને પંચ સાહેદોના પુરાવા પરથી આ કામના આરોપીના કબજા ભોગવટામાંથી બનાવના દિવસે સમયે અને સ્થળે ગેરકાયદેસરનો દારૂ મળી આવેલાનું સાબિત થઈ શકતુ નથી. આમ, ફરિયાદ પક્ષે મહત્વના મુદ્દામાલ રીકવરીના પંચ સાહેદો જ ફરી ગયેલા જાહેર કરેલા હોઈ, ફરિયાદ પક્ષ પોતાનો કેસ પુરવાર કરી શકેલ નથી. તે જોતાં ખરેખર આ પંચનામાની હકીકત મુજબ આરોપીની પાસેથી આ મુદ્દામાલ કબજે થયેલ હતો તે હકીકત શંકાસ્પદ બને છે અને આ કામે ઉપરોકત હકીકત ધ્યાને લેતાં આ મુદ્દામાલ આરોપીના કબજામાં હતો કે કેમ? તે હકીકત ફરિયાદ પક્ષ નિ:શંકપણે સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ છે.

**(૯)..** આ કામે ફરિયાદ પક્ષે પોતાના કેસના સમર્થનમાં આંક–૪૩ ફરીયાદી દિવાનજી સુરસંગજી ઠાકોર નાઓને તથા આંક–૬૧ થી સાહેદ/ત.ક.અ. સુરેશકુમાર રત્નાભાઇ ચૌધરી નાઓને સોગંદ પર તપાસેલા છે અને તેઓએ આ કામે કરેલ કાર્યવાહીનો પુરાવો આપેલ છે અને આંક–૪૪ થી ફરીયાદ આંક–૬૨ થી ડેપ્યુટ હુકમ, આંક–૬૩ થી રવાનગી નોંધ, આંક–૬૪ થી વાહનને લગતી લાઇવ માહીતી રીપોર્ટ, આંક–૬૫ થી સી.ડી.આર. મેળવવા માટે કરેલ રીપોર્ટ, આંક–૬૬ થી નોડલ ઓફીસર ગુજરાતને કરેલ યાદી, આંક–૬૭ થી આર.ટી.ઓ. ગાંધીનગર નાઓને કરેલ યાદી તથા આંક–૬૮

થી કલમ વધારા માટે કરેલ યાદી રજુ કરેલ છે. આ સાહેદોના પુરાવો ધ્યાને લેતાં ફરીયાદ આપતા અગાઉ પંચનામું કરવામાં આવેલ હોય તેમ છતાં ફરીયાદમાં પંચોના નામ દર્શાવેલ નથી જેથી આંક–૨૭ તથા આંક–૩૪ વાળા પંચનામા શંકાસ્પદ જણાઈ આવે છે. તેથી હાલના આરોપીના કબજામાંથી પ્રોહી. અંગેનો મુદ્દામાલ કબજે કરેલ હોવાનુ માની શકાય નહી. વધુમાં આ કામે ફરિયાદ પક્ષના સ્વતંત્ર કહી શકાય તેવા પંચ સાહેદો ફરિયાદ પક્ષને મદદરૂપ થતો પુરાવો રજૂ રાખેલ નથી. આમ, સોગંદ ઉપર તપાસવામાં આવેલ ફરિયાદી, સાહેદ તથા ત. ક. અમલદારની સમગ્ર જુબાની વંચાણે લેતાં તેઓએ ફરિયાદ પક્ષને મદદરૂપ થાય તે મુજબ પુરાવો જ કોલ નથી તે જોતાં ખરેખર આ પંચનામાની હકીકત મુજબ આરોપીઓની પાસેથી આ મુદ્દામાલ કબજે થયેલ હતો તે હકીકત શંકાસ્પદ બને છે. આ કામે ઉપરોકત હકીકત ધ્યાને લેતાં આ મુદ્દામાલ આરોપીના કબજામાં હતો કે કેમ? તે હકીકત ફરિયાદ નિ:શંકપણે સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ છે. વધુમાં બનાવવાળી જગ્યાની માલીકી અંગેના કોઈ પુરાવા કબજે કરેલ નથી, કોઈ સ્વતંત્ર સાહેદોને તપાસવામાં આવેલ નથી જે હકીકત પણ શંકાસ્પદ બને છે. જે સંજોગોમાં આ કામના આરોપીઓના કબજા ભોગવટામાંથી બનાવના દિવસે અને સ્થળે ગેરકાયદેસરનો દારૂ મળી આવેલાનુ સાબિત થઈ શકતુ નથી.

**(૧૦)..** વધુમાં નામદાર સુપ્રિમ કોર્ટના સતિષ વિરુદ્ધ દિલ્હી એડમીનીસ્ટ્રેશન ૧૯૯૬(૩) ક્રાઈમ્સ ૮૫(એસ.સી.) ના ચુકાદામાં અવલોકન કરેલ છે કે,

"When judge is certain that there is no prospect of case ending in conviction valuable time of court should not be wasted for holding a trial only for purpose of formally completing procedure to pronounce conclusion on a future date."

ઉપરોકત નામદાર સુપ્રિમકોર્ટનું અવલોકન ધ્યાને લેતાં હાલના કેસને લાગુ કરવું ઉચિત જણાય છે. તેથી વધુ કોઈ વિશેષ પુરાવો લેવાથી ફરિયાદપક્ષના કેસને કોઈ મદદ મળી શકે તેમ જણાતું નથી.

હાલના કેસમાં આરોપી નં. ૨ અને ૩ ની ગેરહાજરીમાં પુરાવો નોંધવામાં આવેલ છે અને ફરિયાદપક્ષનો પુરાવો જોતાં આરોપીની સામેનો કેસ પુરવાર થઈ શકતો નથી અને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ ૩૫૩(૬) ની જોગવાઈ ધ્યાને લેતાં આરોપીની ગેરહાજરીમાં આ ચૂકાદો જાહેર કરવાનું ઉચિત જણાય છે. જેથી આરોપી નં. ૨ અને ૩ ની ગેરહાજરીમાં આ ચૂકાદો જાહેર કરવામાં આવેલ છે.

**(૧૧)..** આમ, ઉપરોકત હકીકત ધ્યાને લેતાં ફરિયાદપક્ષ આ કામના આરોપી સામે તેમનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે. જેથી આરોપીએ સદર ગુનો કરેલ હોવાનું પુરવાર થતું ન હોઈ, મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં ઠરાવી મુદ્દા નં.૨ અન્વયે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## **<u>-// આ ખ રી હુ ક મ // -</u>**

- ➔ આ કામના આરોપીઓ નામે (૧) સુનીલજી રાજુજી પુંજાજી ઠાકોર, રહે- ૫૦, રેલનગર સોસયટી, દુધ સાગર ડેરીની પાછળ, મહેસાણા, તા.જી. મહેસાણા, (૨) શૈલેષજી બનેસંગજી ચેહુજી ઝાલા, રહે. સુણસર, તળપોદપાર્ટી, તા.ચાણસ્મા, જી.પાટણ, (૩). ગંગારામ ઉદારામ જાવતારામ બિશ્નોઇ, રહે. ભાટીપ, ડારાની ઢાણી, તા.રાણીવાડા, જી. ઝાલોર (રાજસ્થાન) વાળા નાઓને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ-૨૪૮(૧) હેઠળ ગુજરાત નશાબંધી અધિનીયમની કલમ- ૬૫(એ)(ઈ), ૬૭(૧)(એ), ૮૩ મુજબના શિક્ષાને પાત્ર ગુનામાંથી પુરાવાના અભાવે શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

➔ આ કામે કબજે કરવામાં આવેલ પ્રોહીબીશનના મુદ્દામાલનો અપીલ સમય વિત્યેથી નિયમોનુસારની કાર્યવાહી કરી નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે. તેમજ આ કામે કબજે કરવામાં આવેલ અન્ય મુદ્દામાલ અંગે જો અગાઉ કોઈ વચગાળાનો હુકમ કરવામાં આવેલ હોય તો તે કાયમ રાખવાનો હુકમ કરવામાં આવે છે અને જો ન કરવામાં આવેલ હોય તો માલીકીની ખરાઈ કરી પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

➔ આજરોજ મજકૂર ઠરાવ સામે અપીલ કોર્ટમાં અપીલ થવાના પ્રસંગે ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૪૩૭(એ) મુજબ આરોપીએ રૂ.૫,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર) ના જામીન તેમજ તેટલી જ રકમના જાતમુચરકા રજૂ કરવા હુકમ કરવામાં આવે છે.

➔ આ કામે આરોપી નં. ૨ અને ૩ સામે સી.આર.પી.સી. કલમ– ૨૯૯ મુજબનો હુકમ હોય અપીલ પીરીયડના જામીન અંગે કોઇ હુકમ કરવામાં આવતો નથી.

હુકમ આજરોજ તારીખ **૦૧,** માહે–**ઓગષ્ટ,** સને–**૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તારીખ– ૦૧/૦૮/૨૦૨૬
સ્થળ – ચાણસ્મા,

**(આર.એમ. ચાવડા)**
જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ
ચાણસ્મા
**(જીજે–૦૧૫૨૪)**